અપીલ અરજી નં.૯ તા.૬–૪–૧૧/૧૨
ફોન નં.૨૪૨૩૦૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી શારદાબેન ઈશ્વરભાઈ પટેલ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી શારદાબેન ઈશ્વરભાઈ પટેલની તા.૪–૩–૧૧નીઅરજીથી મોજે રૂંઢ સર્વે નં.૪૦/૧, ૫૬/૧ તથા ૫૬/૨ વાળી મિલ્કતમાં વિકાસ પરવાનગી અને વાંધા રજૂ કરનારના જવાબો અને વિકાસ પરવાનગી મેળવનારના જવાબો લેવા બાબત તા.૩–૧–૧૧ ની વાંધા અરજી.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૦૬–૪–૧૧ ની **SMC/FAP/** નં.૯ /૨૦૧૧–૧૨

શ્રી શારદાબેન ઈશ્વરભાઈ પટેલની તા.૪–૩–૧૧નીઅરજીથી મોજે રૂંઢ સર્વે નં.૪૦/૧, ૫૬/૧ તથા ૫૬/૨ વાળી મિલ્કતમાં વિકાસ પરવાનગી અને વાંધા રજૂ કરનારના જવાબો અને વિકાસ પરવાનગી મેળવનારના જવાબો લેવા બાબત તા.૩–૧–૧૧ ની વાંધા અરજી બાબતે ડે.કમિશ્નર(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.ટી.ડી.ઓ./૫૨૬૨ તા.૨૧–૩–૧૧થી આપેલ માહિતીના નિર્ણયથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૬–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વિશેષમાં અરજદારના અપીલમાંના માંગણી મુજબના ત્રણ સર્વે નંબર સામે બિનજરૂરી વધારાની માહિતિ પાન પુરા પાડયાના દાવા અંગે કોઈ તથ્ય છે કેમ? જો હોય તો તેવા કેટલા પાના છે તે વિગતો પણ સ્પષ્ટ કરવા વિનંતી છે. કારણકે વધુ પડતી ફી ભરપાઈ કરવા જણાવવું તે કાયદાની કલમ ૭(૩) સાથે કલમ ૧૮ હેઠળ ફરીયાદ અને અપીલનું કારણ ઉત્પન કરે છે. જે અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬ તા.૧૩–૪–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)તથા અરજદારને અરજીમાં મુળ અરજીથી માંગેલ ૫૬/૧,૫૬/૨ અને ૪૦/૧ ની માહિતી મળ્યાનું સ્વયં જણાવેલ છે. તેમ છતાં હજુ કઈ માહિતી બાકી છે તે સ્પષ્ટ કરવા સાથે ૧૨૧ પાના પૈકી કયા પાન નં. અને કેટલા પાના તેમણે માંગેલ નથી તેવા છે. જેની વિગતો પત્રક સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૫ તા.૨૦–૪–૧૧ થી પુરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી તથા ફી ભરવા જણાવવા અંગે પત્ર નં.ટીડીઓ/૫૨૬૨ તા.૨૧–૩–૧૧ ના પત્રની નકલ તથા અરજદારને માહિતી મોકલ્યા અંગેના પત્ર નં.ટીડીઓ/૫૪૪૬ તા.૨૯–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૩–૧૧ ની અરજીથી મોજે રૂંઢ સર્વે નં.૪૦/૧, ૫૬/૧ તથા ૫૬/૨ વાળી મિલ્કતમાં વિકાસ પરવાનગી અને વાંધા રજૂ કરનારના જવાબો અને વિકાસ પરવાનગી મેળવનારના જવાબો લેવા બાબત તા.૩–૧–૧૧ ની વાંધા અરજી તેવું જણાવી માંગેલી માહિતીના વિવરણમાં વિકાસ પરવાનગી લેનાર માલીકી હકક અંગેના પુરાવાઓ, તાજેતરની માલિકી હમારી નથી પરંતુ જુની માલિકી હમારી હતી તેવું સ્પષ્ટપણે માલુમ પડે છે. તે અંગેના ખુલાસાઓ, સામાવાળાઓએ ચાલુ કોર્ટ પ્રકરણો ચાલુ હોવા છતાં પ્લાન કયા પૂરાવા આધારે પ્લાન મંજુર કરી શકાય છે? વાંધા રજુ કરનાર ના વાંધા અરજી કયા પૂરાવાના આધારે તેઓ તાજેતરની માલિક પ્રસ્થાપિત થતું ન હોવાનું કયા આધારે કહેવામાં આવ્યું? ચાલુ કોર્ટ પ્રકરણે વિકાસ કામ કેવીરીતે અટકાવવા. વિ. માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસથ શહેર વિકાસને અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નુ.ટીપીઓ/૫૨૬૨ તા.૨૧–૩–૧૧ થી "મુદ્દા નં.(૧) મોજે રૂંઢ રે.સ. નં.૪૦/૧ ૫૬/૧તથા ૫૬/૨ વાળી મિલ્કતમાં વિકાસ પરવાનગી લેનાર માલીકી હક અંગેના પુરાવાઓ તથા મુદ્દા નં.૨ તાજેતરની માલીકી અમારી નથી પરંતુ જુની માલીકી અમારી હતી તેવું સ્પષ્ટપણે માલુમ પડે છે તે અંગેના ખુલાસાઓ સામાવાળાઓએ ચાલુ કોર્ટ પ્રકરણો ચાલુ હોવા છતાં પ્લાન કયા પુરાવાના આધારે મંજુર કરી શકાય છે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મોજે રૂંઢ રે.સ. નં.૪૦/૧ ટીપી સીકમ નં.૨૮ (રૂંઢ–વેસુ) ફા.પ્લોટ નં.૩ તથા રે.સ. નં.૫૬/૧–૨ ટીપી સ્કીમ નં.૩ રૂંઢ ફા.પ્લોટ નં.૫૨ વાળી ( ફા.પ્લોટ નં.૪૯ થી ૫૨) વાળી મિલ્કતમાં વિકાસ પરવાનગી મેળવવા માટે અરજદારોએ રજૂ કરેલ માહિતી હકના પુરાવાઓ મેળવવા પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ પાના નંગ–૧૨૧ પેટે રૂા.૨૪૨/– ( અંકે બસો બેતાળીસ પૂરા) ભરપાઈ કર્યેથી જે મુજબની નકલો આપી શકાશે. તેવું જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૧૬૫૨૭૯ તા.૨૫–૩–૧૧ થી અઠવાઝોન ખાતે કચેરીમાં જમા કરાવેલ જેની નકલ રજૂ કર્યેથી પત્ર નં.ટીડીઓ/૫૪૪૬ તા.૨૯–૩–૧૧ થી અરજદારને સમય અવધિમાં માહિતી પૂરી પડવામાં આવેલ છે. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારીના નકલ પૂરી પાડતા પત્ર ઉપર નોંધ કર્યાનુસાર માંગ્યા મુજબ ફકત ૭/૧૨,૬/અ માહિતીની નકલો મળી હતી તે પાછી જમા કરાવી છે તેમજ માહિતીની નકલો મળી છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અન્ય સર્વે નંબરોની વધારાની માહિતી આપીને ખોટી ખર્ચ કરાવ્યા હોવાનું જણાવી તા.૬–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ૭/૧૨ અને ૮/અ ગામના નમુના –૬ ના સર્વે નં.૫૫/૩ , ૪૦/૧,૨૭/૧, ૫૫/૬,૫૫/૭,૫૬/૧,૫૬/૨, ૫૮/૧ ની માહિતી આપવામાં આવેલ. પરંતુ અરજદારે ૫૫/૩ , ૫૫/૬ ,૫૫/૭,૫૮/૧ અને ૨૭/૧ ની માહિતી માંગેલ જ ન હતી. પરંતુ ફકત ૫૬/૧,૫૬/૨ અને ૪૦/૨ ની માહિતી માંગેલ હતી તેમ છતાં ન માંગવામાં આવેલી માહિતી આપી ને ખોટો ખર્ચ કરાવેલ છે તેવું જણાવેલ છે. અરજદારે અપીલ માં જ પોતાની ૭/૧૨,૮/અ અને ૬/અ ના નમુનામાં સંયુકત સર્વે નંબરો જણાવેલ છે અને જે અરજદારે માહિતી મેળવતી વખતે તે નકલો મળ્યા પછી પાછી પરત કર્યાનું જાહેર

માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૫૪૪૬ તા.૨૯–૩–૧૧ ના પત્રમાં જણાવેલ છે. અરજદારને અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬ તા.૧૩–૪–૧૧ થી મુળ અરજીથી માંગેલ ૫૬/૧,૫૬/૨ અને ૪૦/૧ ની માહિતી મળ્યાનું સ્વયં જણાવેલ છે તેમ છતાં હજુ સુધી કઈ માહિતી બાકી છે તે સ્પષ્ટ કરવા સાથે ૧૨૧ પાના પૈકી કયા પાના નંબર અને કેટલા પાના તેમણે માંગેલ નથી તેવા છે તેની વિગતો પત્રક સહ રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદાર તેવી કોઈ વિગતો રજૂ કરવામાં સફળ રહેલ નથી. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની તા.૪–૩–૧૧ ની અરજીથી મોજે રૂંઢના રે.સ. નં.૪૦/૧,૫૬/૧ તથા ૫૬/૨ વાળી મિલ્કત સંબંધે માહિતી/પુરાવા માંગેલ જે પૈકી રે.સ નં.૪૦/૧ કે જેને ટીપી સ્કીમ નં.૨૮ (રૂંઢ–વેસુ) ફા.પ્લોટ નંબર ૩ ફાળવેલ છે. જયારે રે.સ. નં.૫૬/૧ અને ૫૬/૨ કે જેને ટીપી સ્કીમ નં.૩ (રૂંઢ) માં ફા.પ્લોટ નં.૫૨ ફાળવવામાં આવેલ છે. જે પૈકીના ટીપી સ્કીમ નં.૨૮ (રૂંઢ –વેસુ) ફા.પ્લોટ નં.૩ વાળી મિલ્કતમાં હાઈરાઈઝ હોટલના બાંધકામના પ્લાન મંજુરી માટે રજૂ થયેલ. જયારે ટીપી સ્કીમ નં.૩ (રૂંઢ) માં ફા.પ્લોટ નં.૫૨ વાળી જમીનને અન્ય લાગુ ફા.પ્લોટ નં.૪૯ થી ૫૧ તથા ૫૪ સાથે એકત્રીકરણ કરી જેના બે ભાગલા કરી જે પૈકીના એક ભાગલા સબ પ્લોટ નં.૧ માં રેસીડન્સ હાઈરાઈઝ બાંધકામના રેવન્યુ રેકર્ડ પર માલીકી હક ધરાવનાર ઈસમોના નામે મધ્યસ્થ શહેર વિકાસમાં અગાઉ મંજુર કરવામાં આવેલ. જયારે હાલમાં અન્ય સબ પ્લોટ નં.૨ માં હાઈરાઈઝ કોમર્શીયલ બાંધકામ પ્લાન મંજુરી અર્થે રજૂ કરવામાં આવેલ. આમ ફા.પ્લોટ નં. ૫૨ સાથે લાગુ ફા.પ્લોટ નં. ૪૯ થી ૫૧ તથા ૫૪ નું એકત્રીકરણ થયેલ હોવાથી જે મુજબની એકત્રીકરણ થયેલ મિલ્કતની પ્લાનની ફાઈલ સાથે રજુ થયેલ માલીકીના પુરાવા અરજદારને નિયત ફી વસુલ લઈ આપવામાં આવેલ છે. આમ અરજદાર પાસેથી વધારાની કોઈ રકમની માંગણી કરી ભરવામાં આવેલ નથી. વધુમાં અરજદારને નિયત સમય મર્યાદામાં ઉકત મુજબની માહિતી/પુરાવા મધ્યસ્થ શહેર વિકાસમાંથી આપવામાં આવેલ હોય, જેમાં વિલંબ/વિસંગતતા થયેલ નથી તેવું પણ પૂરક વિગતોમાં જણાવેલ છે. આમ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨–(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ પૈકીની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારીએ માહિતી પુરી પાડેલ હોઈ સમગ્ર હકીકત જોતાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી યોગ્ય હોઈ ગ્રાહય રાખવા પાત્ર છે.

અરજદારના અરજીના મુદ્દા નં.૩ વાંધા રજૂ કરનારના વાંધા અરજી કયા પુરાવાઓના આધારે તેઓ તાજેતરની માલિક પ્રસ્થાપિત ન હોવાનું કહેવામાં આવ્યુ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વાંધા અરજી કરનારની તાજેતરના સર્વે . રેકર્ડ ઉપર માલીકી પ્રસ્થાપિત થતી નથી તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૪ માં ચાલુ કોર્ટ પ્રકરણે વિકાસ કેવી રીતે અટકાવવા? આમ ઉપર મુજબના બધા ખુલાસાઓ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ચાલુ કોર્ટ પ્રકરણે વિકાસ કામ કેવી રીતે અટકાવવા તે બાબત રેકર્ડ વ્યાખ્યામાં આવતું નથી. તેવું જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૩–૧૧ ની મુળ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી વિગતે નિયત સમય અવધિમાં પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી શારદાબેન ઈશ્વરભાઈ પટેલ